રવિવાર ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૬
ગુજરાતમિત્ર @164
સ્થાપનાદિન વિશેષાંક

# તેજસ્વી પત્રકારત્વથી વાચકો સાથે પુલ બાંધવાની ખેવના સાથે ગુજરાતમિત્રનો ૧૬૪માં વર્ષમાં પ્રવેશ

જગત પરિવર્તનશીલ છે તે તો સદીઓથી સ્વીકારેલું સત્ય છે પણ વિત્યા ત્રણેક દાયકાની પરિવર્તનશીલતાનો આધાર આધુનિક વિજ્ઞાન, ટેક્નોલોજી અને ક્રમક બજારતત્ત્વ છે. અત્યારના સમયની આ પરિવર્તનશીલતા ભય પમાડે એવી છે અને આજ સુધી માણસે જે કાંઈ રચ્યું તેનો પણ સંહાર કરે એવી છે. પરંતુ બીજું સત્ય એ છે કે માણસ અને તેની વ્યવસ્થા સર્વાઈવલ માટે પણ એવો જ જોરદાર મુકાબલો કરશે.

> **આ સમય સમાચારોનો જ છે અને સંજોગો એવા સર્જાયા છે કે લોકો અખબાર પર જ સહુથી વધુ વિશ્વાસ કરશે**

વર્તમાન સંજોગોમાં એક ચિંતા એવી થાય છે કે મુદ્રણમાધ્યમો રહી શકવાનાં નથી એટલે અખબારો, સામયિકો, પુસ્તકોનું અસ્તિત્વ જોખમમાં છે. કોઈપણ નવો ભય જન્મે એટલે આવા પ્રકારની પ્રતિકારશૂન્ય નકારાત્મક વાત થવા માંડતી હોય છે પણ વાસ્તવમાં તેવું હોતું નથી. માણસને સમાચાર વિના નથી ચાલવાનું. હવે તો આપણી આસપાસથી માંડી દુનિયાનાં બધાં જ ક્ષેત્રોમાં એટલી બધી ગતિવિધિ વધી ગઈ છે કે જે જાણવાની જરૂર પણ એની સાથે વધી ગઈ છે. દુનિયાના બીજે છેડે કાંઈ બને તેની અસર અહીં સાવ નાના ગામડામાં પણ થાય એવા સંજોગો નિર્માયા છે. અમેરિકા-ઈરાન યુદ્ધ કે રશિયા-યુક્રેન યુદ્ધ શું એ બે દેશો વચ્ચેનું જ છે? એ યુદ્ધોના કારણે જ તો તેલ અને ગેસના ભાવ વધ્યા ને આ બેના ભાવ વધ્યા તો શાકભાજી ખરીદો કે ઘઉં-ચોખા ખરીદો તેના ભાવ આસ્માન સુધી પહોંચ્યા. આ સમય સમાચારોનો જ છે અને સંજોગો એવા સર્જાયા છે કે લોકો અખબાર પર જ સહુથી વધુ વિશ્વાસ કરશે. ચેનલોમાં ન્યૂઝ તો મોટાં શહેરોમાંથી પેદા કરવામાં આવે છે અને તેને 'રાષ્ટ્રીય' કે 'આંતરરાષ્ટ્રીય' સમાચાર કે સમસ્યા તરીકે આપણી સામે રજૂ કરવામાં આવે છે. જે ચેનલ આ કામ વધારે સારી રીતે કરે તે TRPમાં આગળ રહે એટલે આખો મામલો TRPનો છે અને એ કારણે જ હવે ફેક ન્યૂઝ, પેઈડ ન્યૂઝથી માંડી ઉત્તેજના જગાડવા માટેના અનેક નુસખા આ ન્યૂઝ બનાવતી ચેનલોએ શોધી કાઢ્યા છે, એટલે તમે જોશો કે અત્યારે સહુથી મોટા સંકટમાં તો આ ન્યૂઝ ચેનલો છે. શરૂમાં તે અખબારોને ડરાવવા નીકળી હતી પણ અખબારો વધારે સ્થિર થયાં છે અને ડર હવે એ ચેનલોને જ છે. તેમને તો હકીકતે આ મોબાઈલ ફોન વધારે ગભરાવી રહ્યો છે. જે નવા નવા ડિજિટલ પ્લેટફોર્મ ઊભાં થયાં છે તે ક્લિકબેઈટની પાછળ પડ્યાં છે. વધારે ને વધારે ક્લિક મેળવવા તે પણ ભ્રામક સમાચારો ફેલાવે છે. જે સમાચારમાં કશું ન હોય તેને પણ આકર્ષક અને આક્રમક બનાવવા મથે છે જેથી વધારે ક્લિક મળે. તેઓ હેડલાઈન્સ એ રીતે બ્લાસ્ટ કરે છે કે જાણે હિમાલય આખો તૂટી પડ્યો છે ને ત્યાં સમુદ્ર લહેરાવા માંડ્યો છે યા તેનાથી ઉલટું પણ ડરાવી નાંખે એવું આક્રમક ને આંખ રોકે તેવું. આ જે ડિજિટલ રિવોલ્યુએશન છે-તે મોટા દાંતવાળું રાક્ષસ છે, તેને નાનું કશું ખપતું જ નથી. બીજી તકલીફ ઈન્ટરનેટ અને સ્માર્ટફોનને કારણે લોકો મફત સમાચાર મેળવતા થયા તે છે. પેલી ન્યૂઝ ચેનલો પર તો કૉર્પોરેટ હાઉસીસ અને રાજકીય પક્ષોનું સીધું દબાણ છે અને તેઓ તેને ન પોષે તો ટકવું જ મુશ્કેલ બને. શાસક પક્ષો જાહેરાતો પર નિયંત્રણ રાખે છે.

આ આખી સ્થિતિમાં અખબારો વધુ શ્રદ્ધેય બન્યાં છે તેનું કારણ એ કે તેનામાં સ્થાનિકતા રહી છે. અખબારે પોતાના શહેર, તેની સમસ્યા, તેના સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક, વ્યાપારિક, ઔદ્યોગિક, શૈક્ષણિક ને રાજકીય પ્રશ્નો પર ધ્યાન આપવું જ પડે અને એ જ તેને ટકાવનારું મોટું પરિબળ છે. અખબાર તરીકે અમારું વલણ સ્પષ્ટ છે. પોતાની પ્રામાણિકતા, વાચકો પ્રત્યેનો વિશ્વાસ ટકાવી રાખવાની નીતિ જાળવવી. આ એવી નીતિ છે જે સો વર્ષ પહેલાં પણ હતી અને સો વર્ષ પછી પણ ટકવાની છે. 'ગુજરાતમિત્ર' હવે ડિજિટલ પ્લેટફોર્મ પર પણ વધારે સાબુત હાજરી ઊભી કરી રહ્યું છે અને તેમાં પણ સિદ્ધાંત તો પેલો જ છે કે વાચકોને છેતરવાં નહીં. વધારે વ્યુ મેળવવા ખોટા ન્યૂઝ નહીં કે મળેલા ન્યૂઝ ખોટી રીતે રજૂ ન કરવા. વધારે લાઈક્સ મળે એવી ઘટના બને ત્યારે પણ અભિગમ તો અખબારી નીતિ સાથેનો જ રહેવો જોઈએ. કોઈના દબાણથી ખોટા ન્યૂઝ વાચકો કે વ્યુઅરો સુધી ન જવા જોઈએ. 'ગુજરાતમિત્ર'નું આ વલણ તો ૧૬૩ વર્ષ જૂનું છે. તેણે વડોદરાના મહારાજાને પણ રાજગાદી પરથી ઊતારી દેશનિકાલ કરાવેલો. સુરતમાં પહેલું લોકઆંદોલન કરાવનાર પણ આ 'ગુજરાતમિત્ર' હતું અને અંગ્રેજ સરકાર હતી ત્યારે પણ, સ્વતંત્રતા પછી આપણી સરકાર આવી તો પણ આ જ વલણ રહ્યું છે. પારડી સત્યાગ્રહનો ઈતિહાસ વાંચી લેવો.

અરે, મોરારજી દેસાઈ જેવાએ 'ગુજરાતમિત્ર'ને અપાતી જાહેરાતો બંધ કરાવેલી. હોય, સરકાર તો સરકાર છે ને 'ગુજરાતમિત્ર' તો 'ગુજરાતમિત્ર' છે. આ વલણે જ તેને વાચકોનાં હૃદયમાં કાયમી સ્થાન આપ્યું છે. ઉત્તેજનાત્મક સમાચારો વડે વાચકો મેળવવાં કે નુસખા, પ્રયુક્તિ અજમાવવી તે વલણ અમને માફક નથી આવ્યું. બાકી, સમાજ બદલાયો છે, રાજકારણ બદલાયું છે, લોકોના જીવવાના અભિગમ બદલાયા છે તો 'ગુજરાતમિત્ર' પણ બદલાયું છે. તેના પ્રોડક્શનમાં વધારે સફાઈ લાવવી, સારા લે-આઉટ સાથે સમાચારો આપવા. સતત નવા વિચાર અને ચિંતનસભર પૂર્તિઓ આપવી. આ નવીનતા છે પણ પેલી જે નીતિ છે, સિદ્ધાંત છે તે તો એવા છે જે બદલાવા ન જ જોઈએ કારણ કે તે મનુષ્યના હોવા સાથે મૂળમાં રહેલા છે. બધી વ્યવસ્થા બદલાય પણ મૂળથી ઉખેડવું તો આત્મનાશક છે. 'ગુજરાતમિત્ર' તેનાં વધતાં વર્ષો સાથે સમજી ગયું છે કે વાચકોને ટકાવવા ખોટા નુસખા અપનાવવા જરા પણ જરૂરી નથી. સત્યને પ્રમાણતા અને તેનું ગૌરવ કરતાં અમારાં વાચકોને આવડે છે. ગુજરાતમાં કોઈ એવું અખબાર નથી જે ૧૬૩ વર્ષ સુધી અડીખમ રહ્યું અને આ અડીખમતા વાચકોમાંથી જ મળેલી છે. સુરત, દક્ષિણ ગુજરાતનાં લોકો માટે 'ગુજરાતમિત્ર' એ અખબાર છે જેણે પ્રજાકીય અસ્મિતા રચી હોય. દેશના કોઈ પણ ખૂણે તમે ચાલતા હો અને હાથમાં 'ગુજરાતમિત્ર' હશે. સામેનો માણસ તરત તમારું એક કૅરેક્ટર બનાવશે ને એ જે કૅરેક્ટર છે તે જ 'ગુજરાતમિત્ર'નું છે. પોતીકાપણાથી છલકતું ને સુરતી આત્મવિશ્વાસનું પ્રતીક. અમારી ડિજિટલ આવૃત્તિનો વિદેશમાં પણ વિસ્તાર થયો છે તે એ જ કારણે કે 'ગુજરાતમિત્ર' એક અત્યંત વિશ્વસનીય બ્રાન્ડ છે. વાચક મનમાં સતત ઊંડે ઊતરતી જતી અને અનેક શાખાઓમાં આકાશમુખી બની ફેલાતી બ્રાન્ડ. તેજસ્વી પત્રકારત્વ સર્જતા રહી વાચકો સાથે પુલ બાંધવાની એકમાત્ર ખેવના સાથે અમે ૧૬૪માં વર્ષમાં પ્રવેશી રહ્યા છીએ. અખબારનું અંગત તેનો વાચક છે એટલે એ જ અંગત ભાવે અમે અમને સદા વિસ્તારી રહ્યા છીએ અને વિસ્તારીશું. અમારા આગળ વધતા એક-એક પગલાંમાં તમારા લાખો પગનો આગળ ધપતો ધ્વનિ ભળેલો છે. ૧૬૪માં વર્ષની વિરાટ કમાન અમને આ પ્રવેશે દેખાય છે. અહીંથી જ આપણે આગલા મુકામો સર કરીશું.










